**નસવાડી ના મહે. પ્રિન્સીપાલ  સીવીલ  જજ અને જે.એમ.એફ.સી.**
**સાહેબશ્રી ની કોર્ટમાં**

**મુકામ– નસવાડી**
**ક્રિમીનલ કેસ નં.1168/2022**

ફરીયાદી– શ્રી સરકાર

**વિરુદ્ધ**

આરોપી– રમીલાબેન કાલુભાઈ તડવી

ગુનો– ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–65 એએ

**કબૂલાત ઠરાવ**

1. મજકુર આરોપીને ફરીયાદપક્ષના કેસની હકીરકત ચાર્જશીટની વિગતે વાંચી–સંભળાવામાં આવતા તેણે સ્વેચ્છાએ તેમજ સ્વખુશીથી ગૂન્હો કબુલ–મંજૂર રાખેલ છે.

2. મજકુર આરોપી આજરોજ અત્રેની નામદાર અદાલતમાં હાજર થતાં તેઓને પોલીસ  તપાસના કાગળોની નકલો ફજદારી કાર્યવાહી અધિનિયમન–207 મુજબ નિઃશુલ્ક આવેલ છે. ત્યારબાદ, આરોપી તહોમતનામું તથા નિવેદન લેતાં તેઓને સ્વેચ્છાએ કબુલ કર્યાનું જણાવેલ છે અને અલગથી ગુના કબુલાત પુરસીસ પણ રજૂ રાખેલ છે. સાથે સાથે ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. આરોપી પોતે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી  તેમ જણાવવા છતાં પણ પોતે સ્વેચ્છિક રીતે ગુનો કબુલ કરતા, હોઈ પુરસીસ નોંધીને દાખલ કરવામાં આવે છે.

3. મજકુર આરોપી સામે ઉપરોક્ત મુજબના ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, મજકુર આરોપી ગરીબ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમજ ગુનો કર્યા અંગેનો અફસોસ છે અને ભવિષ્યમાં આવા જ પ્રકારના ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેમનો આ પ્રથમ ગુનો જણાય છે અને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો  સમાજમાં માનમોભોથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છુ.

4. નામદાર ગુજરાત હાઈ કોર્ટે 2005(1), જી.એલ.આર.પાન નં. 709, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હિરાચંદજી ઠાકોરના ચકાદામાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની

હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાના પાન નં. 721 ઉપર ફકરા નં. 21 માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આપીને કેસમાં મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી મજકુર આરોપીની સામાજીક આર્થિક પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાને લેઈ કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે જેથી ઓછામાં ઓચી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્રપણે માનું છુ.

5. આમ, ઉપરોક્ત હકીકતો અને સંજોગોને નજર સમક્ષ રાખીને હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આજરોજ યોજાયેલ સ્પેશિયલ સીટીંગમાં રાખવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોઈ તેમજ કેસનું રેકર્ડ જોઈ–તપાસી–વાંચી લઈ, સદર આરોપીની સ્વેચ્છાપૂર્વકની કબુલાત તેમજ રજૂઆત સાંભળીને મજકુર આરોપીને તકસીરવાન ઠરાવીને ન્યાનના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–241 મુજબ પ્રોહી એક્ટની કલમ–65(એએ) મુજબ દોષિત ઠરાવીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા. 100/–(અંકે રૂપીયા એક સો પુરા)નો દંડ તેમજ જો સદર દંડ ન ભરે તો દિન–3 ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કેસનો મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી કાયદા મુજબ યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 12.11.2022 ના રોજ યોજાયેલ સ્પે. સીટીંગમાં વાંચી વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**મુકામઃ નસવાડી** **(ભાવેશભાઈ ગોવિંદભાઈ સોલંકી)**
**તારીખઃ 12.11.22** **જ્યડી. મેજી. ફ. ક. નસવાડી.**
**કોડ નં. જી.જે. ૦૧૪૨૬**